# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

**પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર, અમદાવાદ**

જિલ્લા રમત સંકુલ નિકોલ, ચાણક્ય સ્કુલની બાજુમાં, શુકન ચાર રસ્તા પાસે,
નિકોલ-નરોડા રોડ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦
ઈ-મેઈલ આઈ-ડી: **dso-spo-ahd@gujarat.gov.in**


ક્રમાંક: જી.ર.ગ.અ./ખેમકું-૨૦૨૫/૧૬૯૫થી૧૬૯૫થી૧૭૭૮/૨૦૨૫-૨૬ તા.૩૧/૧૨/૨૦૨૫

## સુધારા પરિપત્ર

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી,
તમામ ગુજરાત રાજ્ય

**વિષય: ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષાની અં-૧૧, ૧૪, ૧૭ અને ઓપન ભાઈઓ/બહેનો ચેસ રમતની સ્પર્ધાના આયોજન બાબત**

**સંદર્ભ: આસી. ડાયરેક્ટરશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના તા.૨૪/૧૨/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક:એસ.એ.જી./ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭થી૪૭૫૫૨ અન્વયે**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર અમદાવાદ દ્વારા આયોજિત **ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અં-૧૧, ૧૪, ૧૭ અને ઓપન ભાઈઓ/બહેનો ચેસ રમતની સ્પર્ધા તા.૦૪/૦૧/૨૦૨૬ થી તા.૧૦/૦૧/૨૦૨૬ દરમ્યાન અને તા.૧૬/૦૧/૨૦૨૬ થી તા.૨૨/૦૧/૨૦૨૬ દરમ્યાન અમદાવાદ** ખાતે યોજાનાર છે જે અંગેની આપના જિલ્લાની રજીસ્ટ્રેશન કરેલ **KMK ID** સાથેની એન્ટ્રી અં-૧૧ અને ૧૪ ભા/બ ની એન્ટ્રી તા.૦૨/૦૧/૨૦૨૬ સુધીમાં અને અં-૧૭ અને ઓપન ભા/બ ની એન્ટ્રી તા.૧૨/૦૧/૨૦૨૬ સુધીમાં **dso-spo-ahd@gujarat.gov.in** ઉપર ઈ-મેઈલથી અચૂક મોકલી આપવી. તેમજ ખેલાડીને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી છે.

### ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા અં-૧૧ અને ૧૪ ભાઈઓ અને બહેનો ચેસ સ્પર્ધાનો કાર્યક્રમ
### સ્પર્ધા સ્થળ: GSC બેંક, શાસ્ત્રીનગર બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ.

| ક્રમ | વય જૂથ | નિવાસ રીપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધા રીપોર્ટીંગ તારીખ અને સમય | ટીમોનું પ્રસ્થાન |
|---|---|---|---|---|
| ૦૧ | અં-૧૧ ભાઈઓ-બહેનો | ૦૪/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ કલાક | ૦૫/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૩૦ કલાક થી શરૂ | સ્પર્ધા પૂર્ણ થયેથી |
| ૦૨ | અં-૧૪ ભાઈઓ | ૦૬/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ કલાક | ૦૭/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૩૦ કલાક થી શરૂ | સ્પર્ધા પૂર્ણ થયેથી |
| ૦૩ | અં-૧૪ બહેનો | ૦૮/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ કલાક | ૦૯/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૩૦ કલાક થી શરૂ | સ્પર્ધા પૂર્ણ થયેથી |

### ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા અં- ૧૭ અને ઓપન એજ ભા/બ ચેસ સ્પર્ધાનો કાર્યક્રમ
### સ્પર્ધા સ્થળ: વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, નારણપુરા, અમદાવાદ

| ક્રમ | વય જૂથ | નિવાસ રીપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધા રીપોર્ટીંગ તારીખ અને સમય | ટીમોનું પ્રસ્થાન |
|---|---|---|---|---|
| ૦૪ | અં-૧૭ ભાઈઓ | ૧૬/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ કલાક | ૧૭/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૩૦ કલાક થી શરૂ | સ્પર્ધા પૂર્ણ થયેથી |
| ૦૫ | અં-૧૭ બહેનો | ૧૮/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ કલાક | ૧૯/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૩૦ કલાક થી શરૂ | સ્પર્ધા પૂર્ણ થયેથી |
| ૦૬ | ઓપન એજ ભાઈઓ-બહેનો | ૨૦/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ કલાક | ૨૧/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૩૦ કલાક થી શરૂ | સ્પર્ધા પૂર્ણ થયેથી |

નિવાસ સ્થળ: **GSC** બેંક, શાસ્ત્રીનગર બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ.
નિવાસ સ્થળ સંપર્ક નંબર: શ્રી હાર્દિક મકવાણા, મો.નં.: ૯૦૧૬૬ ૪૬૨૧૩
શ્રી પ્રિયંકા સોલંકી, મો.નં.: ૭૫૭૫૮ ૫૨૪૦૩

**રજીસ્ટ્રેશન અને સ્થાનિક સંપર્ક માટે નીચે મુજબના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓનો સંપર્ક કરવાનો રહેશે.**

(૧) શ્રી હાર્દિક મકવાણા, મો.નં.: ૯૦૧૬૬ ૪૬૨૧૩
(૨) શ્રી પ્રિયંકા સોલંકી, મો.નં.: ૭૫૭૫૮ ૫૨૪૦૩
(૩) શ્રી જોય ચૌહાણ, મો.નં.: ૯૦૯૯૦ ૫૦૩૪૫
(૪) શ્રી કરણ ત્રિવેદી, મો.નં.: ૮૩૨૦૬ ૦૧૫૨૦

**અગત્યની સુચના:**

(૧) અં-૧૧ અને ઓપન ભાઈઓ/બહેનોની ઈવેન્ટમાં પ્રથમ અને દ્વીતીય તેમજ અં-૧૪ અને અં-૧૭ ભાઈઓ/બહેનોની ઈવેન્ટમાં પ્રથમ ૫ (પાંચ) વિજેતા ખેલાડીઓને ભાગ લેવા મોકલવાના રહેશે.
(૨) વયજૂથ મુજબ ભાઈઓ અને બહેનોની ટીમમાં ૧ કોચ અને ૧ મેનેજર જ મોકલવાના રહેશે. વ્યક્તિગત રીતે ખેલાડી સાથે ટીમ મેનેજર કે કોચ મોકલવાના રહેશે નહીં.
(૩) ઓનલાઈન **KMK ID** નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
(૪) સ્પર્ધાના દરેક ખેલાડીઓએ ઓનલાઇન રજીસ્ટ્રેશન પહોંચ ફરજીયાત સાથે લાવવાની રહેશે.
(૫) ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/આધાર કાર્ડ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.
(૬) સ્પર્ધાના દરેક ખેલાડીઓએ એલીજીબીલીટી ફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહી-સિક્કા સાથે લાવવાનું રહેશે.
(૭) પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂકપણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
(૮) દરેક ખેલાડીએ પોતાની બેન્ક ખાતાની વિગતો સાથે લાવવાની રહેશે.(કેન્સલ ચેક અથવા બેન્ક પાસબૂકની ફોટોકોપી)
(૯) સ્પર્ધા/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકસાન કરવામાં આવશે તો તે નુકસાનની પૂરેપૂરી રકમ જે તે ભરપાઈ કરવાની રહેશે.
(૧૦) સ્પર્ધા દરમિયાન જો કોઈ ઈજા કે જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે.
(૧૧) જિલ્લામાંથી આવતા તમામ ખેલાડીઓ, કોચીઝ અને મેનજર સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિને સાથે લાવવાનો રહેશે નહિં.
(૧૨) ઋતુ અનુસાર ઓઢવાનું પોતાની સાથે લાવવાનું રહેશે. તેમજ ખેલાડીઓએ કિંમતી સામાન સાથે લાવવો નહીં અન્યથા જવાબદારી તેની પોતાની રહેશે.
(૧૩) સ્પર્ધામાં આવનાર ખેલાડીઓએ વાલીનું સંમતિપત્ર સાથે લાવવાનું રહેશે.
(૧૪) આપના જિલ્લામાંથી આવનાર ખેલાડીઓએ ફરજીયાત સરકારી બસ, ટ્રેન અથવા સરકારી વાહનમાં મુસાફરી કરીને જ સ્પર્ધા સ્થળ પર પહોંચવાનું રહેશે. સરકારી વાહનમાં મુસાફરી ન કરેલ હોય તેવા સંજોગોમાં પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે નહીં.
(૧૫) આ સ્પર્ધા ચેસ એસોસીએશનના નીતીનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
(૧૬) સ્પર્ધા સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનાર વ્યક્તિ કે ટીમને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.
(૧૭) સ્પર્ધા દરમિયાન પસંદગી સમિતીનો નિર્ણય આખરી ગણાશે.
(૧૮) ખેલાડીઓ, કોચ અને મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈ પણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
(૧૯) આવનાર તમામ ખેલાડીઓને નિવાસ, ટ્રાન્સપોર્ટેશન, નાસ્તો, બપોરેનું ભોજન તેમજ રાત્રીનું ભોજન પુરૂ પાડવામાં આવશે.
(૨૦) ખેલ મહાકુંભ ૨૦૨૫ ના પરીપત્રમાં દર્શાવ્યા મુજબના નિયમો ધ્યાને લેવાના રહેશે. (બિડાણ સામેલ)

**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**અમદાવાદ**

S.B. Chavda
**જિલ્લા રમતગમત અધિકારી**
**અમદાવાદ શહેર**

નકલ સવિનય રવાના જાણ સારૂ:

(૧) માન. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.
(૨) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૩) માન. કલેકટરશ્રી, અમદાવાદ.
(૪) માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૫) આસીસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૬) ચીફ મેડીકલ ઓફીસરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.
(સ્પર્ધા સ્થળે જરૂરી મેડીકલ સુવિધા પુરી પાડવા સારૂ)
(૭) મેનેજરશ્રી, ૧૦૮ ઈમરજન્સી સેવા સર્વિસ, કઠવાડા, અમદાવાદ.
(સ્પર્ધા સ્થળે જરૂરી મેડીકલ સુવિધા પુરી પાડવા સારૂ)
(૮) પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજય ચેસ એસોસીએશન (સ્પર્ધા સ્થળે જરૂરી ઓફીશીયલ્સ પુરા પાડવા સારૂ)
(૯) અમદાવાદ શહેર વ્યાયામ પ્રચારક મંડળ, અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના જાણ સારૂ અને જરૂરી કાર્યવાહી કરવા અર્થે:

(૧) નાયબ માહિતી નિયામકશ્રી, અમદાવાદ. (સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ)